२६२५

પૈસાદાર કેમ થવાય?!

સામાન્ય સ્થિતિનાં બહોળાં માણસોનો આખી ઉંમરનો વહિવટ.

દોહરો.

ઉપજ ખર્ચ જાણી કરી, ચલવે ઘર સંસાર.;
સુખમાં તે નભશે સદા, બનશે પૈસાદાર. १

"पैशा परमेश्वर प्रमाणे" अने "दोलतनी दुनीआ" ડાર્વિન.

આપણા દેશમાંનાં સામાન્ય ગ્રહસ્થાઇવાળાં બહોળાં મનુષ્યોના માટે તેની જીંદગાનીની સરેરાસ ૫૦ વર્ષની ગણીને તેનો ખર્ચ મેળ તપાસીશું તો ઘણું કરી તેના બચાવ-નિભાવનું અમૂલ્ય કામ કરી કરીને તેટલા અરસામાં તેના હાથમાંથી ૧૧૦૦૦) રૂ- પૈઆ આવી બચાવી બીજાનો બચાવ કરવામાં પાછા ચાલતી પકડે છે. આ હિસાબ નિચે પ્રમાણે છે કે જેમાં બહુ રાંક તેમ બહુ ગ્રહસ્થની ગણના કરેલી નથી. વળી તે મધ્યમસર મનુષ્યને માટે પણ તેની પંનર વીશ વર્ષની ઊંમરથી તે પાંસઠ સીતેર વર્ષની ઊંમર જેમાં તે કમાવા, ખર્ચાવા સ્વતંત્રને જવાબદાર કારભાર કરનાર હોય છે તેટલી મુદત (૫૦ વર્ષ) નીજ હિસાબ ગણત્રી

કરેલી છે.* તેટલી મુદતનો બે માણસને બે ત્રણ નાનાં બાળકનો આડસટો નીચે પ્રમાણે આવે છે. ઘરમાનાં વધારે માણસોય હોય, પણ તે મોટાં હોવાથી તેનો કમાઉમાં મેળ લેખાય છે. તેથી તેનું ખર્ચ વધુ તેમ તેનાથી કમાઈ પણ તે ઘરને વધારે હોય છે. માટે તે સંબંધી પણ ઉપર નીચે કહ્યા પ્રમાણેજ સમજી લેવું જોઇએ—

૨૫૦૦, રૂપૈઆ પચાશ વર્ષમાં અનાજ—ઘઊં, બાજરો, ચોખા, દાળના થઇને. તે દરવર્ષના ૫૦ રૂપૈઆ, અને દરમાસે ચાર રૂપૈઆને અઢીઆનાને આસરે; ને નિત્યને માટે સવા બે આના લેખે.

૬૦૦, પચાશ વર્ષમાં અન્ન સાથે સાક તરકારી, મસાલો, અથાણાં, અને મેવા મીઠાઇના થઇને. તે દર વર્ષના ૧૨ રૂપૈ-આ, અને દર મહિને એક રૂપૈઓ, અને દર દિવસને માટે અર્ધાઆનાને આસરે.

૨૫૦૦, પચાશ વર્ષમાં અનાજ સાથે દુધ, દુઝાણું, ઘી, ગોળ ને ખાંડ સાકરના તથા તેલ દિવેલના થઇને. તે દરવર્ષના ૫૦,રૂપૈઆ,અને દરમાસે ચાર રૂપિયાને અઢીઆનાને આસરે. ને નિત્યના માટે સવાબેઆના લેખે;તેમાં ચાર પૈશાનું ઘી ને દુધ; ત્રણ પૈશાનું ગળામણ, એક પૈશો રોટલી વાળવા તથા વઘારવાના મીઠા તેલનો, ને એક પૈશો દિવેલનો.

૪૦૦, પચાશ વર્ષમાં અન્ન સાક રાંધવા તથા પાણી, દુધ ઉનું કરવા, અને શીયાળે સગડી તાપવા માટે, એમ સર્વપ્રકારે બળતણનું ખર્ચ. તે દર વર્ષના ૮ રૂપિયા, દર મહિને સાડાદશ આના બે પૈ. ને દર દિવસને માટે ચાર પાઇને આસરે.

---

*મોટાં શહેરો અને તેમાં રહેનારાં માતબરને માટે આ મેળ નથી.

એમ જમણે ૫૦ વર્ષમાં શહેરમાં રહેનારને ખાધા ખરચમાં ઉપર મુજબ કુલ ૨૬૦૦૦ ખર્ચાય છે. તે દરવર્ષે ૧૨૦, દરમાસે ૩૧૦, ૬૪; અને નિત્ય સવાપાંચ આના એક પાઈ લેખે. પરંતુ ગામડાંમાં કે શહેરનાં છેટેનાં પરાંઓમાં રહેનારાં ગરીબોને, મતે મધ્યમસર લોકોને ઢુંજાણું હોવાથી કે છાસ બળતણ વિગેરે મફત અગર સસ્તું મળવાથી તથા સાદો ખોરાક ખાવામાં રાખવાથી ભોજન ખર્ચ ત્રણ આના પડે.

૧૦૦૦, રુપિઆ; પચાશ વર્ષમાં કપડાં ખર્ચના. તે દર વર્ષના ૨૦, રૂપૈઆ; અને મહિનાના ૧॥=॥॥, દોઢ રૂપૈઓ પોણાત્રણ આનાને આસરે. ને દરદિવસને માટે પોણોઆનો ને એક પાઈની ઘાંસણી પહોંચેછે. ૫૦ વર્ષે અન્ન વસ્ત્રના મળી ૭૦૦૦;

૫૦, ધોબી વાવરામણ ખર્ચના. તે વર્ષનો ૧, મહિને સવાઆનાં એક પઈ, ને નિત્યની અર્ધીપઈ ને આસરે.

૭૫, પચાશ વર્ષને માટે પગરખાનું ખર્ચ થાય છે. તે દર વર્ષે દોઢનું, દર મહિને બેઆનાની લેખે. અને નિત્ય માટે ગણીએ તો પોણી પાઈને આસરે થાય.

૭૫, પચાશ વર્ષને માટે હજામતના. તે દરવર્ષનો દોઢ, અને દર મહિનાનાં ચાર અજવાળીઆંનાં ચાર વતાંના બેઆના લેખે. અને નિત્યને માટે પગરખાના પ્રમાણે.

૪૫૦, પચાશ વર્ષમાં ઘરવખરીના ઘસારા બદલે બીજું લેવાના કે જોઇતી ઘરવખરી લેવાના; એમજ ઘરબાર સમારવાના, પડ્યું આખડ્યું નવું બનાવવાના, તથા ગાર ગોરમટી-ધોળ ચુનોને ચળામણ, નળીઆં ત્રુટો વિગેરે અમુક વર્ષે કે દરવર્ષ થતા ખર્ચ વિગેરેમાં જોઇએ છીએ. તે દરવર્ષનું નવનું ખર્ચ, અને દર માસે પોણો રૂપૈઓ પડેછે. એમ દરદિવસે સાડાચાર પૈને આસરે.

૧૫૦, પચાશ વર્ષમાં દરેક પ્રકારની મોંઘાવારીમાં અને વિતતાં વાયરાં દુકાળમાં થતા વિશેષ ખર્ચના તથા બીજું, છેતરાણ નુકશાન થઇને. તે દરવર્ષે ત્રણનું ખર્ચ, દરમાસે ચાર આના લેખે, અને નિત્યને માટે ગણીએ તો દોઢપૈનો આસરો થાયછે.

૬૦૦, મિત્ર, સગાં સાગવાં વિગેરે થતા મિજબાન તેના ખરચના તે દરવર્ષે ૧૨ રૂપિયા, દરમાસે ૧ રૂ. અને નિત્ય અર્ધા આનાનો આસરો પડવા જાય છે.

૩૦૦, ક્યાંય, બીજે ત્રિજે જતાં આવતાં થતું ભાડા ટીમણ ખર્ચ અથવા મુસાફરી, મેળામાં, તિર્થ કરવામાં ઇત્યાદિને માટે વપરાય છે. તે દરવર્ષે રૂપૈઆ ૬; દરમાસે રૂપૈઓ અર્ધો. ને દર દિવસને માટે એક પૈસો (આગળ પાછળનું ગણતાં) પડવા જાયછે.

૨૫૦, રૂપૈઆ, પચાશ વર્ષમાં ધર્માદામાં, તથા ધર્મદાન; દક્ષિણામાં. હિંદુ, મુસલમાનના ઘર આગળ ભોગાઈ વડે આ ખર્ચ વધુ છે પણ અહીંઆ પોપાય તેમ જુજ ગણેલ છે. તે વર્ષના ૫, રૂપૈઆ. મહીને ૦=।।। પોણાસાત આના અને નીત્યની પોણીત્રણ પાઇનો આસરો.

૩૦૦, પચાશ વર્ષમાં થતા દર્દની માટેના વૈદ કે દાકતરની ફીના, દવા ખરચના, કરી (પરહેજ) પાળવામાં ને હવા ફેર કરતાં પડતા ખર્ચના. તેનો અડસટો વર્ષ એકે ૬, દર માસે ॥ અર્ધો રૂપિઓ અને દરદિવસે પા આનાને સુમારે હિસાબ આવેછે.

૬૦૦, રૂપિયા, જનોઈ અથવા ધર્મમાં દાખલ થતાં કોઈ પણ પ્રકારની ક્રિયા ખરચમાં; અને વિવાહ ખરચ, અધરણી, સુવાવડ વિગેરેમાં ખર્ચ થાય છે. તે દર વર્ષના ૧૨, દર માસે એક અને દરદિવસે તે સંબંધી અર્ધા આનાને આશરે ચડેછે.

૭૫૦, પચાશ વર્ષમાં પોતાનું જ્ઞાન વધારવાને માટે સસ્ત પુસ્તકો તથા ચોપાનીઆં, ન્યુસ વિગેરે મગાવવામાંઃ—અને સાધારણપણે બાળકોને કેળવવામાં ખર્ચાય છે. તેમાં અર્ધમાં આપણે ને અર્ધમાં બાળકોને ભણવામાં જોઇતી ચોપડીયું તથા ફિ,કાગળ વિગેરેનું મળી ખર્ચ થાય છે તે દર વર્ષના ૧૫ દર માસનો સવા રૂપિઓ, અને દર દિવસને માટે અર્ધો આનો ને દોઢ પૈનો આસરો. કદિને હમણાંનાં અજ્ઞ હિંદુ, મુસલમાનના સામાન્ય કુટુંબો એટલી રકમ જો મધ્યમસર કેળવણી લેવા—દેવામાં ન ખરચતાં કંજુસાઈ કરે છે તો તે બદલે તે તેમ વિદ્યા જ્ઞાનમાં ને ધંધાના જ્ઞાનમાં અભાવી રહેવાથી તેટલી રકમ જાણે અજાણે વહેમ આદિમાં ખર્ચે છે, કે કેટલીએક અજ્ઞાન દશા રહેવાથી ઠગથી કે હરેક રીતે ઠગાય છે, એથી તેટલી રકમ પૂરી પડી રહે છે. કે જેથી તેમ કરતાંય અંત્યે "માલાના મુળગા" થઈ રહેછે. અને બાળક ને પોતે, જગત્ સંબંધી જોઇતી રીતનું જ્ઞાન, તથા ધંધામાં જોઇતી અકલ હુસીઆરીથી અપૂર્ણ રહેછે; તથા અવાર નવાર ખબરોથી અજાણ્યું રહેવું પડે છે. કમાવાના મારગમાં અસમર્થ રહેવાય છે ઇત્યાદિ નુકશાની ભોગવવી પડે છે તે વળી જૂદી ! !

૩૦૦, બાળકનું ખાવું, મેવો મીઠાઈ લઈ દેવામાં તે વર્ષે ૬ રૂપિયા મહીનાનો અર્ધો ૦॥ રૂપિયો અને નિત્યનો એક પૈશો. "પાન, સોપારીને બીડી બજર માટે ?"

૧૦૦, રૂપિયા મરનારની પાછળના ખરચનો અડસટો. હીંદુઓને તો સર્વના કરતાં દહાડાદપાડાનું ખર્ચ વધુ થાયછે તોપણ અહીંયાં તો તે જૂજ રકમ મધ્યમસર લોકોને પોષાય તેટલે ગજે

નોંધી છે. મરવા પાછળનાં ખર્ચ કરવાં વ્યર્થ છે; પરંતુ તે માટે આહીં પોષાતું ખર્ચ ગણ્યું છે. તે દર વર્ષે એનું ખર્ચ; દર મારો એક આનોને પોણીપાઇને આશરે. અને દર દિવસને માટે તે ખરચની રકમ પોણીપાઇને આશરે સમજવી જોઇએ.

૧૧૦૦૦, એમ કુલ પચાશ વર્ષે સાધારણ શહેરીને માટે અગીઆર હજાર રૂપિયાની રકમ, ઉપર કહ્યામુજબ જાણમેદુની જાણમાં અને ગાફલ જેવાની અજાણમાં તેનો ઉપર પ્રમાણેનો ઘટતો ને અમૂલો બચાવ કરીને ચાલી જાયછે, ને તે તેવીજ રીતે બીજાનો બચાવ પણ કર્યા કરે છે. કે જે દરવર્ષને માટે ૨૨૦, રૂપૈઆ ખરચની સરેરાસ આવે છે. અને દર મહિને રૂપિયા ૧૮|=| સવાઅઢારને સવાઆનાનો આસરો આવેછે.ને નિત્યને માટે રૂ ગા=ાાા અર્ધા ને પોણાબે આનાને આસરે ખર્ચનો આગળ પાછળનો સર્વ મેળ મળે છે. હવે તેમાં કોઈ પ્રકારવડે ખર્ચ કમ થાય એવો જોગ આવી મળે અથવા રીવાજમાં સુધારા થાય ને ખર્ચ ઘટે કે અટકે તો અથવા ગામડામાં રહેવાથી કેટલુંક ખરચ ઘટાડી શકાય છે એમ બને તો, અગર નિત્યપડી રહેતા આગળ પાછળ થઇને ખર્ચના પોણા દશઆના એથી વધારે કમાઉ હોય તો તે મનુષ્ય પૈશાદાર થવા વકી છે. નહીં તો નહીં. ખરચ કરતાં જે થોડું કમાય છે અથવા કમાયછે થોડું ને વ્યવહાર ખરચ કરે છે વધારે તેઓ અલબત કરજમાં આવવાના, ઘરબારથી પાયમાલ થઈ જવાના અગર મુડીવાન હોય તે નમુડીઆ થઇ જવાના. પૃથ્વીપરના સર્વ લોકમાં હિંદુઓ ગરીબ બનતા જાયછે ને દુઃખદદશા ભોગવતા થયાછે તેનું કારણ આજના પહોચેલા આ અર્થિય સમયમાં જ્યાં હજુ કમાઉ

નથી થતા ત્યાં તેપર બાળલગ્નવડે કાચો વ્યવહાર બગડે છે અને તેનાં ગજા ઉપરાંત નાનાવિધ ખરચ માથે પડે છે, એ છે. તે આપણને ઉપરની ઘરખરચની ગણતરી ગણવાથી સહજ સમજવામાં આવે છે. આ સંકોચમય અર્થી સમયને જાણ્યા વિના આજનાં મનુષ્યો જુના મગજનાં ઘરડાઓના અગાઉ કાળના ચાલ પ્રમાણે બાળલગ્ન આદિ વહેમી રૂઢી રીવાજો પ્રમાણે ચાલવા કરે છે તેથી અલબત એનેને દેશને બહુ બહુ નુકશાન છે. અને કન્યા વિક્રયથી પણ જેવી તેવી હાની નથી. પરંતુ દીકરીના પૈસા લેનારા ને દેનારા તે માટે કશું સમજતા નથી એ અત્યંત ખેદકારક છે ! !એમજ નવરાંક મનના ઉડાઉ ખરચાળ મનુષ્યો માટે પણ સમજવું

ઉપર નિત્ય માટે જે પોણાદશ આનાને આસરે ખરચ પડવા જાય છે તેમાં પાંચઆનાથી સવાપાંચ કે છઆના ભોજન ખરચ ને કપડા પગરખાના સમજવા અને તેમાંના ત્રણથી ચાર આના આગળ પાછળનાં કેટલાંએક જે ખરચ ગણાવ્યાં તે માટે સમજવા. એથી તે આગળ પાછળ વાપરવાની રકમ ગણીને બચાવવાનું ભુલી જવું ન જોઇએ:—હવે આવી રીતે જોતાં અર્ધા, દસઆનાનો નિત્યનો કમાઉ હોય તે માત્ર પોતાની જીંદગી સુખમાં ગુજારી શકે, એમ માત્ર તે સમર્થ જણાય છે; શિવાય તે પૈસાદાર થઇ શકે એમ બહુ કરીને જણાતું નથી. અને અર્ધા રૂપિયાથી ઓછો કમાઉ એ રાંકમાં ગણવો વાજબી છે; અને તે તેનો નિભાવ, ગરીબ પ્રમાણે રહે ને જાર બાજરાના રોટલા, ધાન, છાસ, વિગેરે ખાવામાં રાખે અને મજબુત ખાંપીનાં જાડાં લુગડાં પહેરે અને બીજાં કેટલાંક ઉપર ગણાવ્યાં

ખરચ કમ કરે તથા કેટલાંક બીલકુલ ન કરે તથા લાજ રીવાજમાં નઢરડાય અને વરાવરઝોળા ન કરે, દુર્ગુણી ન હોય, એમ ગામડાનાં મનુષ્યોના પ્રમાણે રહે તોજ તે કરી શકે. એટલુંજ નહીં પણ વખત જતાં બેપૈશા ગાંઠે પણ થાય. ગામડાના તેમ વર્તનાર વાણીઆ, બ્રાહ્મણ અને શહેરના વાંઢા વાણીઆ એથીજ થોડા અરસામાં પૈશાદાર થઈ પડે છે. પરંતુ તેવાં, ઉપર ગણાવ્યા પ્રમાણે મધ્યમસર ગ્રહસ્થી મનુષ્યોના જેમ વ્યવહાર કરવા જાય તો તેટલે હિસ્સે તે અલબત આગળ પાછળ હેરાન થાય ને ખાદ્યમાં આવી પડે એવો સંભવ છે. હવે —

આપણે ઉપર બતાવ્યા પ્રમાણે મધ્યમસર ગ્રહસ્થ મનુષ્ય સમુદાય કેને કેને કહીશું, તો તેમાં પંનરથી પચીશ રૂપિયાના નોકરીવાળા નોકરો, મહેતાજીઓ, ઊંચા દરવાજા મજૂર, કારીગર, પરચુરણીઆ વાણીઆ, અરજી ખત લખનારા, કારકુનો, વાણોતરો, ફેરીઆ, દાડીઆ, બકાલી, વણકર, ગુથણીઆ વિગેરેને કહીશું; અને હમણાના ગરીબ થઈ ગએલા ખેડુતો પણ તેજ વર્ગમાં આવી પડેછે. !! પરંતુ તેવી મધ્યમ ગ્રહસ્થાઈ વાળી વસ્તીમાં, જે અર્ધા દશઆનાથી વધારે કમાઉ હોય તેજ ગણી શકાયછે ને તે કેવી રીતે પસાદાર થઈ શકે ? તેનો આપણે વિચાર કરીએ. પણ તેમાંય અર્ધા, દશઆના ખર્ચના બાદ કરીને પછી જેટલું, તે ઉપર કમાતા હોય તેટલી રકમ અગર ખાતાંપીતાં ને આગળ પાછળનું ખરચ ગણી કાઢતાં જેટલું નિત્ય ફાળે આવતું હોય તે બાદ કરીને જેટલું પડવા જાય તેટલી રકમજ પૈસાદાર થવાના સંબંધની ગણત્રીમાં લેવી જોઇએ. એટલે જો ઘરનું સર્વ મળી ૨,ાા અર્ધો ખરચ પડવા જાય એમછે

ને દશ આનાનો સરેરાસ કમાઉ હોયતો તે માટે "બે આનાનો કમાઉ" એમ સમજવું જોઇએ. એ રીતે હિસાબ કરીએ ને આપણા ઉપર ગણાવ્યા નિત્યના પડતા ખરચના આના બાદ કરીએ તેમાં એક આનો નિત્ય બચાવીએતો એટલે અર્ધ કમાઉ સાતઆના ખરચ કરે ને એક આનો પૈસાદાર થવા ખાતરે બચાવેતો તે તેના ઉપર ગણાવ્યા પચાસ વર્ષમાં કેટલા રૂપિયાનો આશામી થાય ? નિત્યને માટે એક આનાનો, મહીને પોણાબે રૂપિયા ને બે આનાનો, વર્ષે સાડીબાવીશ રૂપિઆનો, અને પચાસ વર્ષે રૂપિયા (૧૧૨૫) એક હજાર એકશો ને પચીસનો આશામી થાય. અને તે દશ આનાનો કમાઉ હોય ને સાત આનાનું ખર્ચ રાખેતો તેથી કે બીજી રીતે નિત્ય ત્રણ આના બચે તેમ હોયતો રૂપિયા (૩૩૭૫) ત્રણ હજાર ત્રણસે ને પંચોતરનો આશામી થાય; અને નિત્ય પોણાનો કમાઉ હોય અથવા બીજી રીતે પાંચ આના બચતા હોય તો રૂપિયા (૫૬૦૦) પાંચ હજાર ને છસેંનો, મધ્યમસર ગ્રહસ્થ પ્રમાણે તેનું ઘર શોભી ઉઠે એવો મુડીવાન થાય; અને જો નિત્ય રૂપિઆનો કમાઉ હોય તો તો રૂપિયા (૧૦૧૦૦) દશહજાર ને એકસો ઉપર લટકાના એવો માતબર સાધારણ શ્રિમંત એવો ગ્રહસ્થાઇમાં છાજતો અને છેવટ જો તે જામતી જતી રકમને નુકશાન ન પહોચે એમ ફેરવી વેપાર કે વ્યાજથી વધારેલ હોય તો તે મુદ્દે એટલા અરસામાં આસરે રૂપિયા (૧૫૦૦૦) પંનરહજાર કે રૂ,(૨૦૦૦૦) વીશહજાર સુધીના આશામી થઈ પડીને આ દેશમાં તો મોટી વૈભવી ગ્રહસ્થાઇવાળા સાધારણ ગ્રહસ્થ થઈ પડે; પણ તે સાત આના નહીં ને ઉપર ગણાવેલ દશ આના ખરચ રાખે તોય નિત્ય પો-

ણાનો કમાઉ રૂપિયા (૨૨૫૦) સવાબે હજારને આસરે આશામી થાય. ને વેપાર બાજથી વધારેતો તો તે ૩૦૦૦ થી ૫૦૦૦ હજારની કોરમોર જઈ પહોચે. અથવા એથી ઘણુંજ વધારે મળવે એમ હિસાબ જાણનાર સમજી જાય છે. તેમ રૂપિયા એકના કમાઉ, ને દશ આનાનું ખર્ચ રાખનાર હોયછે તે (૬૭૫૦) છ હજાર ને સાડાસાતસે રૂપિયા સંગ્રહ કરી શકે ને તેને બાધ ન લાગે તેમ બાજમાં કે વેપારમાં રોકે તો તે દશ (૧૦૦૦૦ થી– ૧૫૦૦૦ કે ૨૦૦૦૦) હજાર રૂપિયાના ગ્રહસ્થ બની શકે. અને તે રકમ તેના વારસને મળે ને તે પણ તેવીજ રીતે રળે ને બાજ વેપારમાં રોકે અને ખોટી રીતે ન ઉડાવી નાખે તો તેના બીજી પેઢીમાંજ ને ઘર અર્ધ લખી કે લક્ષાધિપતિ થઈ પડે એ ખરેખરૂં સત્યછે. એમાં બહુ આશ્ચર્ય પામવા જેવું પણ ખરેખરૂં છે. ત્રીશ દિવસ સુધી એવડા ચણા ગણવા, ૧૦૦ વર્ષ સુધી અકરપી એક રૂપિયાનું બાજ ગણવું ને ઉપર કહ્યા મુજબ દ્રવ્ય સંગ્રહ કરી ચલાવી બાજ વેપારથી વધારવું એ ત્રણેય વાત હેરત પમાડનાર પણ ખરી છે.

ઘરનાં સર્વેએ રળવું જોઇએ.

આપણા દેશમાં ઘણાં ખરાં મનુષ્યોમાં એવો કુચાલ અથવા દુર્ગુણ છે કે તેઓના કુટુંબનાં સર્વ જે રળી શકે એવાં હોય છતાં તે રળતાં નથી. એથી એકનું રળ્યું બધાં ખાઈ ખુટાડે છે. તેવામાં તે ઘર કેવી રીતે બેઠું થાય વારૂ ?

આપણાં બૈરાં રેંટીઆ પુણીથી અથવા ભરતકામથી, ગુથણકળાથી, અગર શિવણકામથી તથા ખાંડણા દળણા વિગેરે

બીજાં પણ તે ઘણાં ઘણાં કામ કરી શકે એવાં છે, માત્ર તે માટે કાળજી નથી તેથી તે હાથ ચડતાં નથી, પરંતુ તે કોઈપણ કામથી ઘરનાં કામ કરવા સાથે સાંજ પડયે માત્ર બે આનાનુંજ કામ કર્યા કરે, ને તે તેનો ધણી તેની પાસે રકમ એકઠી થવા દે તો, તેથી ૩૦ વર્ષમાં તેની પાસે કેટલી રકમ થઈ જાય એ જાણવા જેવું છે. નિત્યના બે આના લેખે મહીને તેની પાસે રૂ ૩॥। પોણાચાર થાય; અને વર્ષે રૂ ૪૫, થાય, અને પાછળથી વ્યાજ સાથે દરવર્ષે ૫૦ રૂપૈઆ પડયે જાય અને તેથી ૩૦ વર્ષમાં તેની પુંજી રૂપૈઆ ૧૫૦૦ ની થાય. અને તે સર્વ રકમના ચડત વ્યાજનો આશરો ગણીએ તો ઓછામાં ઓછી ૩૦૦૦ રૂપૈઆની રકમ થઈ શકે. અને બીજાં ઘરનાં મનુષ્યો માટે પણ એમજ સમજી લેવું જોઇએ. નહીં તો આ બહુજ થોડી કમાઈ (માત્ર બે આના) ગણેલી છે. તોપણ તેથી તેમ થાયછે. આ વાત આશ્ચર્યકારક કદિને કોઇ કોઇને લાગે પરંતુ તે અસંભવીત નથી. હિસાબ જાણનાર સમજેછે કે ખરેખર એમજ બને. મિલો, કારખાનાં વિગેરેમાં ગરીબ ગણાતાં દહાડી કરે તો ઠીક ફાયદો થાય.

ઘરેણાં ગાંઠા ઘડાવી પૈસા પાયમાલ ન કરવા જોઇએ.

૧૦૦૦) એક *હજાર રૂપૈઆનું સોનું રૂપૈયા દશ લેખે ગીનાઈ પારનું ગદીઆણાં ૧૦૦ લઇએ. અને તે સોનાને ઘરેણાં ઘડવા આપીએ. તે તેમાં વાલ ફેર કરે, કે જે ફેરફાર સાધારણ

*રૂ ૧૦૦૦ ની રકમ પોષ્ટ સેવિંગ બેંકમાં ૨૫, વર્ષ રાખવાથી તેના પાંચ આનાના વ્યાજ સાથે રૂ ૩૦૦૦ થી વધારે રકમ જમા થાય છે. વેદ મ. સું.

મનુષ્યોને તો જવલ્લેજ જણાયછે, તો તે તેમ તેમાંથી સો વાલ ચોરે એટલે સવા છ ગણીઆણા સોનું તે બદલ તેટલું ઊચું ત્રાંબુ રૂપું નાખીને મારી જાયછે કે જેની કિંમત રૂ. ૬૨ાા, થવા જાયછે. તો વિચારો કે હજાર રૂપૈઆનું સાધારણ માણસનું જૂદે જૂદે વખતે સોનું ઘડાતાં તેમ કાઢી લેછે ને ઘડામણી ગદીઆણે અર્ધો લેછે તેથી ૫૦ રૂપૈઆ એ લેતાં આપણને ૧૦૦૦ રૂપૈઆનું સોનું લઈ ઘરેણાં ઘડાવતાં રૂ૧૧૨ાા ની ખાધ પહોંચેછે. અને તેવું નકામ ને શક પડતું થયેલું સોનું ખપ વખતે વેચવા જતાં ચૌદ વલ્લો કીયાસ કરવાથી ગદીઆણે એક રૂપૈઓ બીજો ઓછો ઉપજેછે. કેમકે તેર, ચૌદ વલ્લું કહેતોજ લેનાર મનમાં વિકૃત થએલ સોના માટે ઊંચે જીવે ન રહીને ગદીઆણે રૂપૈઓ કમાયછે તેથી સો રૂપૈઆની, આશરે એ બાદ આવેછે. જેથી તેમ થતાં ૧૦૦૦ રૂપૈઆના પાછા આપણે હાથ ૮૦૦ રૂપૈઅને આસરે આવેછે અને વળી બાજખાધ પડી એતો જુદી. કહો, ઘરેણાંના કુચાલવડે કેવો ગેરફાયદો વેઠવો પડેછે!! તેમજ રૂપાના બાબ માટે પણ સમજવું. એટલા માટેજ યુરોપીઅન લોક ઘરેણાં ઘડાવી એવી ખાધ વોરતા નથી. તેઓ રૂપૈઆની પાધરી સોનાની પાટો લેછે ને પાટો વેચીને રૂપૈઆ કરેછે. જેમાં સોનીભાઇનું સાધન થતું નથી. લ્યો સમજ્યા?

દૂર્ગુણવડે થતી પૈશાની પાયમાલી.

અફીણના. દારૂના, કે હુંગા કરવાના બ્યશનમાં; એમજ રંડીબાજીમાં, હશક તંબોળમાં; અથવા છેલાઇમાં કે કવરામાં કે કુમાર્ગે જો નિત્ય બે આનાને આશરે પૈશા પરવારવા લાગે અને એક આનો પેદા કરે તેટલો તેમાં વખત ખુવે તો તેથી અલબત

તેવાં મનુષ્ય મહીને દહાડે રૂપૈઆ ૦પા૦ ગુમાવે, અને વર્ષે તે ૯૭ા સાડીસડસડ રૂપૈઆનો મિથ્યાપણે નાશ કરે. અને તેની પચાશ વર્ષની જીંદગીમાં તો તે ૩૩૭૫) રૂપૈઆ કે જેટલી મુદતમાં તે બચાવેલ હોત તો તેટલો આશામી થઈ શકત તે રકમ પાયમાલ કરી કાઢી ! એમ ઘણે જોવામાં આવ્યું છે. અને તેના તેમાં બે કલાક રદ થતા ગણીએ તો મહીને પાંચ દિવસ, વર્ષે બે માસ અને પચાશ વર્ષની તેની રણ જીંદગીમાં લગભગ ૩૦૦૦ હજાર દિવસનો કાળ વ્યર્થ માર્યો જાયછે ! અને તેને નિત્ય આઠ આનાની કમાઇનો કમાઉ ગણીએ તો અલબત તેને ૧૫૦૦) દોઢ હજાર રૂપૈઆની બાધ પહોંચે છે. અને તે બીજા કોઇમાં હોય તો તેટલી બાધ તે સામા ધણીને ન કળતાં આવે છે. આ પાપ ફળ નહીં ?

રાજ્યવેરાનું ખરચ બારોબાર લેવાય છે તેમ ધંધાખર્ચ બારોબાર છે તેથી તે ઉપજમાંથી બાદ કરીનેજ ઉપરની સર્વ ગણત્રી કરેલી છે એમ સમજવું. રાજ્યવેરા, કર કેટલાક પ્રત્યક્ષને કેટલાક પરોક્ષ લેવામાં આવેછે. તે "અર્થશાસ્ત્ર" વાંચવાથી જાણવામાં આવશે. પૈશાવાન થવાની ઇચ્છા રાખનારે અર્થશાસ્ત્ર અવશ્ય જાણવું જોઇએ. તથા "વેપારશાસ્ત્ર" શિખવા, અનુભવવાળા કાબેલ વેપારી, ધંધાદારીની હેઠે કાંઈ મુદત રહીને જ્ઞાન, અનુભવ મેળવવો જોઇએ. અને પછી એકલાં ઉદ્યમ ધંધા કરવા જોઇએ.

પૈશાદાર થવાનાં મૂળ શાધન.

૧. ઉપયોગી વિદ્યાની કેળવણી લઇને તે પછી મનગમતા

આવડતા ધંધાનું જ્ઞાન શિખી તે ધંધાથી પૈસો પેદા કરતાં શિખવું. શિખેલ ધંધાદારીઓ શિખેલને માટે છે.

૨. એક ધંધામાં જો બીજો થઇ શકે તો કરવો ને સદા રળવું. "એક પંથ દો કાજ" એવો બેવડો લાભ લેવાય તે લેવા.

૩. વેપાર કરવો તો બહુ શોધું થાય તેવા તેના સમયમાં લેવું ને મોંઘપ થવાના સમયમાં વેચવે જવાનું રાખવું. આ માટે બીજી ઘણી બાબતની નજર લંબાવવાની જરૂર છે. .

૪. ધંધો હાથથી, હથીઆરથી, ઓજાર યંત્રો આદિ સંચા સાધનથી જેમ સમજ પડે તેમ કરવો. તેમાં નવી નવી યુક્તિઓ કામે લગાડવી. ને આપણને પોતાને ફાયદો થાય તેમ બીજાં સામાંને સસ્તું ને સરસ પાલવે તેમ કર્યા કરવું. વળી એક ધંધામાં જ્યારે સાર ન રહે ત્યારે મનગમતો ને આવડતો હોય એવો બીજો ધંધો કરવો. નીતિ સાથે યુક્તિથી સદંતર રળ્યે પૈસો પ્રાપ્ત થાય છે.

૫. પૈસો પૈસાવડીએ વધારે પેદા થાય છે. "લાખનીપાણ" એ કહેવું, ખોટું નથી. વળી તે ઉદ્યમમાં લગાડવાથી અગર બાજે ફેરવવાથી ને કરકસરથી પણ વધે છે.

૬. જે જેટલું જરૂર જોગું જોઇએ તે તેટલુંજ લેવું ને તેને જોઇતુંજ વાપરવું. વળી એકથી વધારે કામમાં આવે તેમ લેવું.

૭. "પૈસો પેદા કરવાથી પૈસાદાર થવાતું નથી પણ બચાવ્યાથી થવાય છે." "કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય એમ પૈસે પૈસે પૈસાદાર થવાય છે."

૮. ગજા ઉપરાંત કશું ખરચ કરવું નહીં. "ત્રેવડ ત્રીજો

બાદ છે." "કમાણીની એન કરકોશીર." તેમજ વળી ઉડાઉ, કુલણ, વેહેમી, મિથ્યામાની; તથા અતિ વૈભવી, ખરચાળ, ધર્મ ઘેલું, બ્યશની, બ્યભિચારી, જુગારી, ચોર, રૂશ્વતખોર, કપટી, ઠગ, અને એવા કોઇ પણ દૂર્ગુણી થવું નહીં. સત્યને નીતિનો ત્યાગ કરવો નહીં. ન્યાય રહીત થવું નહીં. નોંધ નામામાં ને હિસાબ લેવડ દેવડમાં કાચેપાચે કે આળસુ એટી રહેવું નહીં. અને—

"દોલતથીજ દુનીઆં" એ અર્થશાસ્ત્રીઓનું કહેવું સદા યાદ રાખી દોલત વડે ઘટતા ધંધા, ઘટતાં ઘરબારને ઘરવખરી તથા વાડી વજીફા, વિગેરે થાવર જંગમ મિલકત-મુડી વધારી આ અવનીમાં સુખીઆ થવું, અને ગજા પ્રમાણે ને સત્યરૂપે પૈશો ખરચી ગરીબનાં દુઃખ હરવાં.

પૈશો એતો પરમેશ્વર, બળ બચાવન હાર;
રાત દિવશના રળવાથી, નમે સકળ સંસાર. ૧ વૈદ.

"रळशे ने बचावशे ते मेळवशे."

વૈદ. મ૦ સું૦

— ❧ —

જાણવાજોગ જાહેર ખબર.

ચોથીઆ (તરીઆ) એકાંતરીઆ, દહાડવા એવા સર્વ ટાઢીઆ-ઉનીઆ તાવને એજ વારામાં, ઊંચા ઔષધી સત્વ વડેજ મટાડવામાં આવેછે. જેમાં કશી કરી પાળવી પડતી નથી. તે માટે સર્વને સુગમ પડવા સારૂ તેની દવા ફીનો દર સસ્તો એટલે એક રૂપિઓ પહેલો અને એક છેવટ તાવ મટયે લેવાનો ઠરાવ રાખેલો છે. તાવ ઉતરે કે દશ દિવસમાં આવીને પુષ્ટીની દવા લઈ જવી કે જેથી ક્યારેય આગળ ફરીને તાવ લાગુ ન થાય. તાવથી ખાલી પડેલ મનુષ્ય ગએલું કૌવત પાછું નહીં મેળવશે તો તેને ફરીને તાવ લાગુ પડવા કે શરીરનો વાન બગડવા સંભવ છે. તાવમાંથી કફ, કમળો, ગાંઠ, બરલ, નાકોવતી વિગેરે દર્દ થાયછે કે વાન બગડી જાયછે તેની અકસીર દવાઓ અમારી પાસેછે. દવાની કિંમત મોકલનારને ટપાલ રસ્તે દવા મોકલાવી દર્દ મટાડવામાં આવે છે.

ચાંદી, વિસ્ફોટક, પ્રમેહ, ધાતુવિકાર, નામર્દી; પાંડુરોગ, સુવારોગ, થતો ક્ષય, થતું જલંદર; ખર્જ, ખસ, ધાધર વિગેરે; અને બીજાં કોઠાનાં, લોહીનાં અને શરીરનાં શર્દી, ગર્મી, વાયુ, પિતને કફનાં ગમે તે દર્દ હશે તે સર્વ સારી દવાવડે થોડીજ મુદતમાં મટાડી આરામ કરીશું.

અમારા દવાખાનામાં દેશી, પરદેશી કેટલીક દવાઓ વેચાય છે. શીરનામુ નીચે પ્રમાણે.

વૈદ મયારામ સુંદરજી. કુંડલા—કાઠિયાવાડ.

વેચાઉ પુસ્તકોનો યાદિ.

	કિંમત. રૂ.આ.પા.		ટપાલ.રૂ.આ.પા.
"સુખ દુઃખ વિષે નિબંધ"	,, ૦-૫-૦	,,	૦-૦-૬
"અજીર્ણ મંજરી વૈદ્યકગ્રંથ"	,, ૦-૨-૦	,,	૦-૦-૬
"ખાંડ બનાવવા વિષે નિબંધ"	,, ૦-૪-૦	,,	૦-૦-૬
"પૈશાદાર કેમ થવાય ?!"	,, ૦-૧-૦	,,	૦-૦-૬
"દેશી દવાઓની જાહેરખબર"	,, ૦-૦-૬	,,	૦-૦-૬

"મૂડીવાન થવાનાં મૂળ તત્વ" (હવે છપાશે. મૂલ્ય છ આના પડશે.)

ઉપર લખેલાં પુસ્તક અમારી પાસેથી તથા અમદાવાદમાં ગુ૦ વ૦ સોસાઇટીમાંથી અને રાજકોટમાં "વિજ્ઞાન વિલાસ" છાપાનીઓની હાફીસમાંથી મળશે. લાઇબ્રેરીઓને અધી કિંમતે દેવામાં આવશે. અને ઉપરનાં સર્વ પુસ્તકોની એકેક પ્રત સાથે લેશે તો અર્ધા રૂપિયામાં આપવામાં આવશે. માત્ર ટપાલખર્ચનો દોઢ આનો વધુ મોકલવો. શીરનામું નીચે પ્રમાણે કરવું:—

વૈદ મથારામ સુંદરજી. કુંડલા—કાઠિયાવાડ.